# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### નડિયાદમાં 70થી વધુ સોસાયટીના રહીશોને 3 કિમીનો લાંબો ફેરો ફરવાની નોબત : 15 હજાર જેટલા રહીશોનો ચૂંટણી બહિષ્કારનો રણટંકાર

# નડિયાદમાં રેલવેએ રાતોરાત SRP ફાટક બંધ કર્યું

**વૈકલ્પિક રસ્તો** અત્યંત સાંકડો અને જોખમી હોવાથી જનતામાં પ્રચંડ રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ શહેરના કપડવંજ રોડ પર આવેલા અને છેલ્લા ચાર દાયકાથી હજારો લોકો માટે જીવાદોરી સમાન એવા 40 વર્ષ જૂના SRP ફાટકને રેલવે વિભાગ દ્વારા કોઈપણ પ્રકારની આગોતરી જાણ વગર અચાનક બંધ કરી દેવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રેલવે તંત્રના આ અણધડ નિર્ણયને કારણે આસપાસની 70 થી વધુ સોસાયટીઓમાં વસતા અંદાજે 15 હજારથી વધુ નાગરિકોની હાલત કફોડી બની ગઈ છે. અવરજવરનો મુખ્ય માર્ગ બંધ થઈ જતા રહીશોને હવે 3 કિલોમીટર જેટલો લાંબો ફેરો ફરવાની ફરજ પડી રહી છે . રોષે ભરાયેલા રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ સમસ્યાનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો તેઓ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરશે.



નડિયાદ શહેરના કપડવંજ રોડ પર આવેલા 40 વર્ષ જૂના એસઆરપી ફાટકને રાતોરાત બંધ કરી અપાયેલો વૈકલ્પિક રસ્તો માત્ર 'દેખાડો' હોવાનો સૂર ઉઠ્યો છે. દાયકાઓથી કાર્યરત આ ફાટક બંધ થવાથી દરરોજ સવારે શાળાએ જતા નાના બાળકો અને નોકરીયાત વર્ગને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સ્થાનિક રહીશ બળદેવસિંહ રાજે આક્ષેપ કર્યો છે કે, તંત્ર દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા તરીકે જે સાઈડનો રસ્તો ફાળવવામાં આવ્યો છે તે અત્યંત સાંકડો અને કાચો છે, જેના કારણે વાહન પસાર કરવું પણ જોખમી બન્યું છે. આ સાંકડા રસ્તા પર સતત ટ્રાફિક જામ સર્જાય છે, જેનાથી લોકોનો કિંમતી સમય અને ઈંધણ વેડફાઈ રહ્યું છે.

આખરે ભૂપેન્દ્રસિંહ ઝાલા સહિતના અગ્રણીઓએ આ મામલે ધારાસભ્યો, સાંસદ અને કલેક્ટરથી લઈને રેલવેના ઉચ્ચ અધિકારીઓ સુધી લેખિતમાં રજૂઆતો કરી છે, પરંતુ હજુ સુધી કોઈ પરિણામ આવ્યું નથી. વારંવારની ફરિયાદો પછી પણ તંત્રના પેટનું પાણી હલતું ન હોવાથી હવે રહીશોએ મક્કમ નિર્ધાર કર્યો છે કે જ્યાં સુધી રસ્તો નહીં મળે ત્યાં સુધી તેઓ ચૂંટણી પ્રક્રિયાથી દૂર રહેશે. રેલવે અને સ્થાનિક વહીવટી તંત્ર વચ્ચે સંકલનના અભાવે સામાન્ય જનતા પીસાઈ રહી છે, જે હવે નડિયાદમાં ચર્ચાનો વિષય બન્યો છે.

#### કટોકટીના સમયે જાનહાનિની ભીતિ

રહીશ ભવરસિંહ ગઢવીએ ચિંતા વ્યક્ત કરી છે કે, ફાટક બંધ થતા હવે ઈમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ પણ સમયસર પહોંચી શકે તેમ નથી. જો કોઈ મોટી જાનહાની થશે તો તેની જવાબદારી કોની રહેશે તેવા ગંભીર સવાલો ઉઠી રહ્યા છે. તંત્રએ વૈકલ્પિક રોડ બનાવવામાં કરેલી વેઠ ઉતારવાની કામગીરીને કારણે એમ્બ્યુલન્સ જેવા મોટા વાહનો ફસાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે.

#### રજૂઆતોનું પરિણામ 'શૂન્ય' રહેતા રોષ

સ્થાનિક રહીશોએ છેલ્લા ઘણા સમયથી નડિયાદના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વહીવટી તંત્રના દ્વાર ખખડાવ્યા છે. ધારાસભ્ય અને સાંસદ સભ્યને ગંભીરતાથી દરમિયાનગીરી કરવા વિનંતી કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર ખાતરી મળી નથી. વારંવારની અવગણનાથી કંટાળેલા રહીશોએ હવે લોકશાહીના પર્વ સમાન ચૂંટણીના બહિષ્કારને જ એકમાત્ર હથિયાર બનાવવાનું નક્કી કર્યું છે.

## સરદાર પટેલ યુનિ.માં 4 વર્ષના સ્નાતક અભ્યાસક્રમ સામે વિરોધ

**શૈક્ષણિક લાયકાત,** પ્રવેશ મર્યાદા અને મૂલ્યાંકન પદ્ધતિ અંગે કુલપતિને રજૂઆત

(પ્રતિનિધિ) આણંદ તા.6

વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26થી અમલી બનનારા ચાર વર્ષના સ્નાતક (ઓનર્સ/રિસર્ચ) અભ્યાસક્રમ માટે જાહેર કરાયેલી એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર) સામે ગંભીર વાંધાઓ ઉઠાવવામાં આવ્યા છે. આ અંગે અલ્પેશ પુરોહિત દ્વારા કુલપતિને પત્ર લખીને આ એસઓપીમાં રહેલી વિસંગતતાઓ અને તેનાથી વિદ્યાર્થીઓને થનારા નુકસાન અંગે રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે અલ્પેશ પુરોહિતે રજૂઆતમાં જણાવાયું છે કે, ચાર વર્ષના સ્નાતક પ્રોગ્રામના સાતમા અને આઠમા સેમેસ્ટર માટે અધ્યાપકોની 'પીજી ટીચર' તરીકેની માન્યતા ફરજિયાત કરવી અયોગ્ય છે, કારણ કે આ સ્નાતક કક્ષાનો જ અભ્યાસક્રમ છે. આ ઉપરાંત, દર વર્ષે સંસ્થાઓના રિવ્યૂ કરવાની જોગવાઈને પણ પડકારવામાં આવી છે. જો અન્ય વર્ષો માટે દર ત્રણ વર્ષે રિવ્યૂ થતો હોય, તો ચોથા વર્ષ માટે દર વર્ષે રિવ્યૂ કેમ? તેવો પ્રશ્ન ઉઠાવી યુનિવર્સિટી ચોથા વર્ષને હંગામી ગણી રહી હોય તેવો આક્ષેપ કરાયો છે.

સૌથી મહત્વનો મુદ્દો પ્રવેશ સંખ્યાનો છે. એસઓપી મુજબ ઓનર્સ અને રિસર્ચ માટે માત્ર 20-20 વિદ્યાર્થીની મર્યાદા નક્કી કરી છે. રજૂઆતકર્તાના મતે, આ નિયમ રાષ્ટ્રીય શિક્ષણ નીતિના મૂળ હેતુથી વિપરીત છે. જો કોઈ સંસ્થામાં 500 વિદ્યાર્થીઓ હોય અને તેમાંથી વધુ વિદ્યાર્થીઓ ચોથા વર્ષમાં જોડાવા માંગતા હોય, તો આ મર્યાદાને કારણે અનેક વિદ્યાર્થીઓ અન્યાયનો ભોગ બનશે. આથી, કુલ સંખ્યાના ઓછામાં ઓછા 30 ટકા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની માંગ કરવામાં આવી છે.

ચોથા વર્ષના રિસર્ચ વિદ્યાર્થીઓ માટે પીએચ.ડી. જેવી જ કઠિન મૂલ્યાંકન પદ્ધતિ રાખવા સામે પણ વાંધો લેવાયો છે, જે વિદ્યાર્થીઓ માટે દમનરૂપ સાબિત થઈ શકે છે.

## આણંદ : સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ

**11મી એપ્રિલ સુધી** ઉમેદવારીપત્રો ભરી શકાશે

(પ્રતિનિધિ) આણંદ તા 6

આણંદ જિલ્લાની નવરચિત કરમસદ આણંદ મહાનગરપાલિકા, આણંદ જિલ્લા પંચાયત સહિત 8 તાલુકા પંચાયત અને 6 નગરપાલિકાની સામાન્ય ચુંટણી આગામી 26મી એપ્રિલે ચૂંટણી યોજાવાની છે. જેની સત્તાવાર જાહેરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગત 1લી એપ્રિલે કરી દેવામાં આવી છે. 6ઠ્ઠી એપ્રિલના સોમવારે, આ ચૂંટણી અંગેનું સત્તાવાર જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું છે. અને તેની સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરુઆત થઈ ગઈ છે. 11મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. જેની ચકાસણી 13મી એપ્રિલે થશે. જ્યારે 15મી એપ્રિલ સુધીમાં કોઈપણ ઉમેદવાર પોતાની ઉમેદવારી પરત ખેંચી શકશે . ત્યારબાદ આ ચૂંટણીઓમાં ક્યાં-કેટલાં ઉમેદવારો ચૂંટણી મેદાન રહેશે, તેનું ચિત્ર સ્પષ્ટ થશે.

હાલને તબક્કે સ્પષ્ટ થયું છે કે, કરમસદ આણંદ મહાનગરપાલિકાઓમાં કુલ ૧૩ વોર્ડની ૫૨ બેઠકો, ૬ નગરપાલિકાઓમાં , આણંદ જિલ્લા પંચાયતની અને ૮ તાલુકા પંચાયતોમાં કુલ મળીને કુલ 468 બેઠકો માટે ચૂંટણી યોજાશે. 28મી એપ્રિલે મત ગણતરી થશે. ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીન-ઈવીએમથી ચૂંટણી થવાની હોવાથી મત-ગણતરી ઝડપથી થઈ શકશે.

### રતનપુરમાં ભૂમાફિયાની સાંઠગાંઠથી વૃદ્ધની જમીન હડપાઈ

## માતરના વૃદ્ધને જમીન મામલે ન્યાય ન મળતા આત્મવિલોપનની ચીમકી

**સિવિલ કોર્ટે પ્રોબેટ** મંજૂર કરવા છતાં ખોટી નોંધો પાડી હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

માતર તાલુકાના રતનપુર ગામના એક વૃદ્ધે ભૂમાફિયાઓ અને સરકારી અધિકારીઓની મિલીભગત સામે ન્યાય મેળવવા કલેક્ટરને પત્ર લખીને પાંચ દિવસમાં આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

આ અંગે અરજદાર રમણભાઈ મોતીભાઈ વાઘેલાનો આક્ષેપ છે કે, તેમની માલિકીની ખેતીલાયક જમીન પર કોઈ પણ પ્રકારની બીનખેતી પરવાનગી વગર ગેરકાયદેસર બાંધકામ કરી દેવામાં આવ્યું છે. આ મામલે તેઓ 25 વર્ષથી કાનૂની લડત લડી રહ્યા છે અને ખેડા સિવિલ કોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો હોવા છતાં મહેસૂલી તંત્ર દ્વારા તેની અમલવારી કરવામાં આવતી નથી. ઉલટાનું, નાયબ મામલતદાર જે.વી. પટેલે આર્થિક લાભ મેળવીને ભૂમાફિયાઓની તરફેણમાં ખોટી ફેરફાર નોંધો પ્રમાણિત કરી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે.

અરજદારે જણાવ્યું હતું કે તેમના માસીએ 1999માં રજીસ્ટર વીલથી આ મિલકત તેમને આપી હતી, પરંતુ અન્ય શખ્સોએ બનાવટી પેઢીનામું અને ખોટા વારસદારો ઊભા કરી જમીન પચાવી પાડી છે. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર ઉડાઉ જવાબો આપવામાં આવે છે અને કલેક્ટરના આદેશોનું પણ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ન્યાય માટે પોતાની તમામ મિલકત વેચી ચૂકેલા વૃદ્ધે હવે નાયબ મામલતદાર અને તલાટી સહિત 11 લોકો સામે નામજોગ ફરિયાદ કરી છે.

મિલકત પચાવી પાડવા માટે 2019માં બનાવટી પંચક્યાસ અને પેઢીનામું બનાવવામાં આવ્યું હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

### નડિયાદ પાસે એક્સપ્રેસ-વે પર બેટરી ભરેલા કન્ટેનરમાં ભીષણ આગ લાગતા અફરાતફરી



વડોદરાથી અમદાવાદ જઈ રહેલા કન્ટેનરમાં ચકલાસી પાસે અચાનક આગ ભભૂકી ઉઠતા આકાશમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. કન્ટેનરમાં રહેલી બેટરીઓના જથ્થાને કારણે આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા સુરક્ષાના કારણોસર હાઈવેનો વાહનવ્યવહાર તાત્કાલિક બંધ કરાયો હતો. નડિયાદ અને આણંદ ફાયર બ્રિગેડની 5 ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી ભારે જહેમતે આગ પર કાબૂ મેળવ્યો હતો. આ અકસ્માતમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ લાખોની કિંમતનો સામાન બળીને ખાખ થતા હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

## ઉમરેઠ પેટાચૂંટણીમાં કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણે ફોર્મ ભર્યું

**અમિત ચાવડાએ** ભાજપ પર આકરૂં નિશાન સાધી પરિવર્તન માટે હુંકાર કર્યો

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.6

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં રાજકીય માહોલ ગરમાયો છે. કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણે વિધિવત રીતે સોમવારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી ફોર્મ ભરતી વખતે પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ હાજર રહ્યાં હતાં.

ઉમરેઠ વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ભૃગુરાજસિંહ ચૌહાણે વિધિવત ઉમેદવારી પત્ર રજૂ કર્યા બાદ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આ પેટાચૂંટણી માત્ર સત્તા બદલવા માટેની નહીં, પરંતુ ગુજરાતની દિશા બદલવા માટેની લડાઈ છે. તેમણે સવાલ ઉઠાવતા કહ્યું કે, એક પૂર્વ નેતાએ જ્યારે મંચ પરથી ગર્વથી ભ્રષ્ટાચારની કબૂલાત કરી, ત્યારે તેને વખોડવાને બદલે તાળીઓ પાડવામાં આવી હતી, જે ભાજપની ખરી સંસ્કૃતિ છતી કરે છે.

આ પ્રસંગે વિધાનસભા પક્ષના નેતા તુષાર ચૌધરી, સહ પ્રભારી રામકીશન ઓઝા, બી.વી. શ્રીનિવાસ, જગદીશ ઠાકોર સહિતના અનેક ધારાસભ્યો અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

#### ભૃગુરાજસિંહ ચૌહાણ પાસે 1.72 કરોડની સંપત્તિ



ઉમરેઠ વિધાનસભામાં કોંગ્રેસમાંથી ચૂંટણી લડનારા ચૌહાણ ભૃગુરાજસિંહ પાસે સ્થાવર અને જંગમ ગણી કુલ 1.72 કરોડની મિલકત છે. જોકે, તેમના કરતા તેમના પત્ની રજનીકુમારી ચૌહાણ પાસે વધુ મિલકત છે. તેમની પાસે બધુ મળી કુલ 2.78 કરોડની મિલકત છે. જેમાં સૌથી વધુ 125 તોલા સોનાનો સમાવેશ થાય છે. ભૃગુરાજસિંહના સોગંદનામા મુજબ તેમની પાસે રોકડ રૂ.એક લાખ, પત્ની પાસે રૂ.50 હજાર છે. જ્યારે બેન્કમાં બધુ મળી 9 લાખ ઉપરાંતની રકમ છે. જ્યારે વાહનોમાં બે કારનો સમાવેશ થાય છે. જ્યારે સીલી, અહિમામાં જમીન આવેલી છે. પેન્શન અને ખેતીની આવક ધરાવતાં ભૃગુરાજસિંહ ચૌહાણ એમએએમએડ્ સુધી અભ્યાસ કર્યો છે.

## ખેરડા પાસે નદીમાં ડૂબેલા વિદ્યાર્થીનો મૃતદેહ મળ્યો

**મહિસાગર નદીમાં** ન્હાવા પડેલા બે યુવાનોના મોતથી ગમગીની

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદના ખેરડા ગામ નજીક મહીસાગર નદીમાં ન્હાવા ગયેલા વેટરનરી કોલેજના ચાર વિદ્યાર્થીઓ પૈકી બેના ડૂબી જવાથી કરુણ મોત નિપજ્યા છે. રવિવારે એક યુવકની લાશ મળ્યા બાદ, સોમવારે સવારે ભારે જહેમત બાદ બીજા યુવકનો મૃતદેહ પણ શોધી કઢાયો છે.

આણંદની કામધેનું યુનિવર્સીટી સંચાલિત વેટરનરી કોલેજમાં અભ્યાસ કરતા અને હોસ્ટેલમાં રહેતા ચાર મિત્રો રવિવારની રજા હોવાથી ગરમીથી રાહત મેળવવા ખેરડા પાસેથી પસાર થતી મહીસાગર નદીમાં ન્હાવા ગયા હતા. નદીના ઊંડા પાણીમાં ચારેય યુવાનો ડૂબવા લાગ્યા હતા, જેમાંથી બે યુવાનો આબાદ બચી ગયા હતા, જ્યારે અન્ય બે મિત્રો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક તરવૈયાઓ અને આણંદ ફાયરબ્રિગેડની ટીમ શોધખોળમાં જોડાઈ હતી. રવિવારે તપાસ દરમિયાન હિતેશ ચૌધરી (ઉ.વ.21)નો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે અન્ય ગુમ યુવક સાગર માળી (ઉં.વ. 21) ની શોધખોળ ચાલુ રાખવામાં આવતા, સોમવારે સવારે તેનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. આ મામલે ખંભોળજ પોલીસે અપમૃત્યુની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### હોટલમાં ગંદકીના મુદ્દે મનપાના સેનેટરી વિભાગે મૌન સેવતા લોકોમાં રોષ

## નડિયાદમાં 'જ્યોતિ દાળપૂરી'માં વંદો નિકળવાની તપાસ ઠેરની ઠેર

**જ્યોતિ દાળપુરીમાં** 12 દિવસમાં બે ઘટના બાદ પણ ફૂડ વિભાગે માત્ર સેમ્પલ લઈને સંતોષ માન્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.6

નડિયાદ શહેરમાં ખાણી-પીણીના શોખીનોમાં જાણીતી 'ધ ગ્રાન્ડ જ્યોતિ દાળપૂરી'માં ઓનલાઈન ઓર્ડર કરાયેલી દાળમાંથી વંદો નીકળવાની ઘટનાએ ચકચાર જગાવી છે. સોશિયલ મીડિયામાં આ ઘટનાનો વીડિયો વાયરલ થયા બાદ હરકતમાં આવેલા ફૂડ વિભાગે સ્થળ પર પહોંચી માત્ર સેમ્પલ લેવાની કામગીરી પૂર્ણ કરી છે, પરંતુ કડક પગલાંના અભાવે તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે.

નડિયાદની જ્યોતિ દાળપૂરીના કિસ્સામાં માત્ર 12 દિવસના ટૂંકા ગાળામાં આ બીજી વાર ફરિયાદ ઉઠી છે. અગાઉ 25 તારીખે લેવાયેલા સેમ્પલના રિપોર્ટ હજુ આવ્યા નથી, ત્યાં ફરી એકવાર ગ્રાહકના સ્વાસ્થ્ય સાથે ચેડાં થતી આ ગંભીર ઘટના સામે આવી છે. સામાન્ય રીતે દાળમાં વંદો ત્યારે જ પડી શકે જ્યારે રસોડામાં ભારે ગંદકી હોય, તેમ છતાં નડિયાદ મહાનગરપાલિકાના સેનેટરી વિભાગે ત્યાં તપાસ કરવાની કે રસોડાની હાઈજીન ચેક કરવાની તસ્દી સુદ્ધાં લીધી નથી.

જેના કારણે હોટલ સંચાલકને છુટો દોર મળી ગયો હોય તેવી સ્થિતિ દેખાઈ રહી છે.

#### તંત્રની સંયુક્ત તપાસની જરૂર

શહેરમાં હોટલ અને રેસ્ટોરન્ટમાં ફૂડ, આરોગ્ય અને સેનેટરી વિભાગ દ્વારા સંયુક્ત રીતે ઓચિંતી તપાસ કરવી અનિવાર્ય બની છે. માત્ર કાગળ પરની કાર્યવાહી કરવાના બદલે ગંદકીના સામ્રાજ્ય ધરાવતા એકમો સામે લાલ આંખ કરી કડક દંડકીય પગલાં લેવામાં આવે તેવી જનતામાં માંગ ઉઠી છે.

## વાસદ પાસે કતલખાને લઈ જવાતાં 15 પશુને બચાવાયાં

**ગૌરક્ષકોએ પીછો કરી** ટ્રક ઝડપી બે ઈસમોને પોલીસને સોંપ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.6

આણંદ તાલુકાના વાસદ ગામની ચોકડી નજીકથી ગૌરક્ષકોએ બાતમીના આધારે પશુઓને ક્રૂરતાપૂર્વક લઈ જતી એક ટ્રકને ઝડપી પાડી છે. આ અંગે વાસદ પોલીસે સિદ્ધપુરના બે ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આંકલાવ તાલુકાના ભેટાસી ગામના ગૌરક્ષક પ્રિતેશભાઈ ભોઈ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, બોરસદ તરફથી એક ટ્રક પશુઓ ભરીને વડોદરા તરફ જઈ રહી છે. વાસદ ચોકડી પાસે ગૌરક્ષકોએ શંકાસ્પદ ટ્રકને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ટ્રક ઉભી રાખી ન હતી. ગૌરક્ષકોએ ફિલ્મી ઢબે પીછો કરી નાયરા પેટ્રોલ પંપ પાસે ટ્રકને આંતરી લીધી હતી.

આ અંગે તપાસ કરતા ટ્રકમાંથી ચાલક હસનખાન સલીમખાન નાગોરી અને કંડક્ટર મોહમ્મદહનીફ હુસેનખાન બલોચ (બંને રહે. સિદ્ધપુર, પાટણ) ઝડપાયા હતા. ટ્રકની પાછળના ભાગે 15 જેટલા પશુને રેતી, માટી કે પૂરતી વ્યવસ્થા વિના અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં મળી આવ્યાં હતાં. પશુઓની માલિકી અંગેના કોઈ પણ આધારભૂત પુરાવા રજૂ ન કરી શકતા પોલીસે ટ્રક સહિત કુલ રૂ. 14.50 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક અને ક્લિનર સામે ગુનો નોંધ્યો હતો.

### મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાની વિસંગતતા મુદ્દે નારાજગી

## કપડવંજમાં અલ્પાહાર યોજનામાં બાળક દીઠ ₹ 7 આપવાની માંગ

**બજાર** ભાવ અને ફાળવવામાં આવતા નાસ્તાના જથ્થામાં પડતી મુશ્કેલી

(પ્રતિનિધિ) કપડવંજ તા.6

કપડવંજ તાલુકા મધ્યાહન ભોજન યોજના (પીએમ પોષણ યોજના) કર્મચારી મંડળ દ્વારા સરકારની નવી અમલમાં આવેલી 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'માં જોવા મળતી વિવિધ વિસંગતતાઓ અને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે મામલતદાર સંગીતાબેન મેણીયાને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.



રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત નવું મેનુ જાહેર કરવામાં આવ્યું છે, પરંતુ કર્મચારી મંડળના જણાવ્યા અનુસાર તેમાં અનેક વ્યવહારિક મુશ્કેલીઓ જોવા મળી રહી છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે, નવા મેનુ મુજબ બાળકોને આપવામાં આવતો 30 ગ્રામનો અલ્પાહાર પૂરતો નથી. આ ઉપરાંત, યોજનામાં વપરાતા મસાલા માટે સરકાર દ્વારા જે ભાવ નક્કી કરવામાં આવ્યા છે તે બજાર કિંમત કરતા ઘણા ઓછા હોવાથી સંચાલકોને તે આર્થિક રીતે પરવડે તેમ નથી.

આથી, કર્મચારીઓની મુખ્ય માંગણી એ છે કે, હાલમાં સરકાર દ્વારા બાળક દીઠ જે 5 રૂપિયા આપવામાં આવે છે, તેમાં વધારો કરીને 7 રૂપિયા કરવામાં આવે. આ પડતર પ્રશ્નો અને નવી યોજનાની વિસંગતતાઓ મુદ્દે યોગ્ય ઉકેલ લાવવાની માંગ સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉમટી પડ્યા હતા. આ આવેદનપત્ર આપતી વખતે કપડવંજ તાલુકા મધ્યાહન ભોજન યોજના કર્મચારી મંડળના પ્રમુખ મનુભાઈ જે. વણકર, મંત્રી વિનોદભાઈ પટેલ તેમજ તાલુકાના વિવિધ કેન્દ્રોના સંચાલક ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.